# વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી
# નવસારી કૃષિ યુનિવર્સિટી
# નવસારી–૩૯૬૪૫૦

## પરિપત્ર

આથી નવસારી કૃષિ યુનિવર્સિટી હેઠળ ફરજ બજાવતાં તમામ કર્મચારીઓ/અધિકારીઓને જણાવવાનું કે, છેલ્લાં પાંચ સાત વર્ષોમાં આપણી યુનિવર્સિટીએ શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ ક્ષેત્રે ખુબ જ નોંધપાત્ર કામગીરી બજાવીને સરાહનીય સિધ્ધિઓ મેળવેલ છે. યુનિવર્સિટી દ્વારા થયેલ કામગીરી અને મેળવેલ સિધ્ધિઓનું વ્યવસ્થિત સંકલન કરીને તેની યથાયોગ્ય પ્રસિધ્ધિ આપવાનું અત્રેથી નકકી કરવામાં આવેલ છે. આ માટે યુનિવર્સિટી હેઠળના તમામ યુનિટ/સબ યુનિટના વડાઓએ તેઓના વિભાગમાં **તા.૦૧/૦૧/૨૦૧૦ થી અત્યાર સુધીમાં** હાથ ધરેલ નોંધપાત્ર કામગીરી અને મેળવેલ સિધ્ધિઓની વિગતો તૈયાર કરીને અત્રે મોકલી આપવાની રહે છે.

ખાસ નોંધપાત્ર કામગીરીમાં નીચેની બાબતોનો સમાવેશ કરી શકાય, આ ઉપરાંત અગાઉના વર્ષોમાં વિવિધ કારણોસર જે કામગીરી ચાલુ/પૂર્ણ કરી શકયા ન હોય તો તેનો ઉલ્લેખ પણ કરી શકાય.

**શિક્ષણ :** નવી કોલેજ, નવા કલાસ રૂમ, વિદ્યાર્થીઓની દાખલ શકિતમાં વધારો, બિલ્ડીંગ, બગીચા, વિદ્યાર્થીઓ માટે નવી સુવિધાઓ, છાત્રાલય, એક્રીડીટેશન, મોટીબસ, મીનીબસ, શિક્ષણમાં નવી પધ્ધતિ, વિદ્યાર્થીઓના પ્રાયોગિક કાર્યમાં સુધારના પગલાં, ઓન લાઈન પ્રવેશ, કોર્ષ કાર્ડ અને માર્કશીટ, ICT એપ્લીકેશન, નવી શિક્ષણ યોજનાઓ, સુચારુ વહિવટી બાબતો વિ.

**સંશોધન :** નવું ફાર્મ, નવા કૃષિ ઓજારો, ફાર્મ યંત્રો, સિંચાઈની વ્યવસ્થા, ફેન્સીંગ, નવા સુધારા વધારા સાથેની નવી સવલતો, નવી જાતો, ભલામણો, સીડ પ્રોડકશન, ફાર્મ પ્રોડકટસનું વેચાણ, ઓર્ગેનીક મટીરીયલ્સ, પાણીના બોરની સુવિધા, નવી સંશોધન યોજનાઓ, ICT એપ્લીકેશન વિ.

**વિસ્તરણ શિક્ષણ :** નવા કચેરી બિલ્ડીંગો, કીસાન હોસ્ટેલ, ઈનોવેટીવ ફાર્મર્સ મીટ, મ્યુઝિયમ, ટ્રાન્સફર ઓફ ટેકનોલોજીની નવિન પધ્ધતિઓ, ફાર્મ સાહિત્ય, વાહનો, કૃષિ મહોત્સવ, નવી વિસ્તરણ યોજનાઓ, ICT એપ્લીકેશન વિ.

આમ ઉપર મુજબની માહિતી ગુજરાતી–LMG Arun 13 Font તથા અંગ્રેજી–Times New Roman 12 Fontમાં તૈયાર કરીને high resolution jpg phptographs સાથે મોડામાં મોડી **તા.૨૦/૦૫/૨૦૧૪ સુધીમાં** નીચે સહી કરનારની કચેરીમાં ડો. આર.એમ.નાયકને રૂબરૂમાં પેન ડ્રાઈવમાં અથવા ઈ–મેઈલ : **rmnaik@nau.in** દ્વારા મોકલી આપવાની રહેશે. સમયાવધિ બાદ અત્રે મળનાર માહિતીનો બુકલેટમાં સમાવેશ થઈ શકશે નહીં, જેની જવાબદારી જે તે કચેરીના વડાની રહેશે.

ઉપરોકત પરિપત્ર મા.કુલપતિશ્રીની સૂચનાનુસાર યુનિવર્સિટીના કામકાજના હિતમાં બહાર પાડવામાં આવે છે, જેનો ચૂસ્તપણે અમલ થવા વિનંતી છે.

(signature)

**વિસ્તરણ શિક્ષણ નિયામક**

જા.નં. નકૃયુ/વિશિનિ/ટી–૧/વેબ–૪ /૨૦૧૪
નવસારી તા. ૨૪/૦૪/૨૦૧૪